શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
SHRI K. P. SANGHVI HOSPITAL
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૮૮
Golden Health Check-up (ગોલ્ડન હેલ્થ ચેકઅપ)
Rs. 7200/- Rs. 2500/-
- જનરલ લોહી ચેકઅપ CBC (Hb, Tc, Dc, RBC, Indices RBC, Platelet Count, MP), ESR
- કીડની તપાસ Urea, Creatinine, Uric Acid, Electrolytes (Na+,K+CL-), Phosphorus, Calcium
- કોલેસ્ટ્રોલ તપાસ (Cholesterol, Triglyceride), HDL, LDL, V.L.D.L. Total Lipid Profile
- લીવર તપાસ SGPT, SGOT, Bilirubin, ALP, Protein - સુગર તપાસ (Diabetes) FBS, PPBS, GHB
- ન્યુટ્રીશ્યન તપાસ Vita B12, Vita D3 - થાઈરોઈડ તપાસ T3 T4 TSH - દાંતની તપાસ
- હૃદયની તપાસ ECG - છાતીની તપાસ Chest X-Ray - સંધિવા તપાસ RA Test
- યુરિન ચેકઅપ - એમ.ડી. ડૉક્ટર દ્વારા તપાસ (General M.D. Physician Check-up)
ઈમરજન્સી સારવાર માટે હોસ્પિટલમાં આવવા માટે એમ્બ્યુલન્સ સેવા ઘર બેઠા ઉપલબ્ધ
સવારે ભૂખ્યા પેટે લોહી(બ્લડ) લેવા માટે ઘર બેઠા બ્લડ કલેક્શનની સુવિધા ઉપલબ્ધ.
સંપર્ક : Mo. : 9227994614

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂ૬ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદા વૈદ્ય શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
સાયટીકા-મણકાના રોગો
સ્લિપડિસ્ક L4-L5 L5-S1 ની સમસ્યાઓ
DTRT, ઉપનાહ સ્વેદન, લેપન, વેદાગ્નિકર્મ, પંચકર્મ, EKLપંચકર્મ, પટ્ટબંધન, અગ્નિકર્મ, ક્ષારકર્મ, વેધનકર્મ (વિદ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત ‘પ્રતિક હાઉસ’, ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
ભરૂચ એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૪ * * * સંવત ૨૦૮૨ ભાદરવો સુદ નોમ રવિવાર ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૮૦ પાનાં ૧૪+૮ કિંમત ₹ ૬.૦૦

# ગ્રીનલેન્ડનું સુરક્ષા નિયંત્રણ હવે અમેરિકાના હાથમાં

**ડેનમાર્ક** સાથે સોદો થયાનો અમેરિકી પ્રમુખનો દાવો

**ટાપુની** સુરક્ષા અને તમામ જરૂરિયાતો પર USનું કાયમી નિયંત્રણ; વોશિંગ્ટનની મંજૂરી વગર ચીન કે રશિયા જેવા વિરોધી દેશો ગ્રીનલેન્ડમાં બેઝ નહીં બનાવી શકે

**આ કરાર** અનંતકાળ માટે હોવાનો ટ્રમ્પનો દાવો

**વોશિંગ્ટન, તા. 19 :** ડેનમાર્કે ગ્રીનલેન્ડની સુરક્ષાનું કાયમી નિયંત્રણ અમેરિકાને સોંપી દીધું છે, તેવો દાવો પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કર્યો છે. પ્રમુખે તેમના બીજા કાર્યકાળ દરમિયાન આ વિસ્તાર પર નિયંત્રણ મેળવવાની બાબતને એક મુખ્ય ધ્યેય બનાવ્યું હતું, અને શુક્રવારે ‘ટ્રુથ સોશિયલ’ પોસ્ટમાં ટ્રમ્પે દાવો કર્યો હતો કે તેમના પ્રયાસો સફળ રહ્યા છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે, છેવટે અમેરિકાએ ડેનમાર્ક સાથે એક કરાર કર્યો છે જે અમેરિકાને ‘ગ્રીનલેન્ડમાં સુરક્ષા અને અન્ય તમામ જરૂરિયાતો પર કાયમી નિયંત્રણ’ આપે છે, જે ‘અમારી અમેરિકાની ઘણી બધી ક્ષેત્રીય ચિંતાઓનું સંપૂર્ણપણે નિવારણ લાવે છે’. પ્રમુખના ‘અન્ય તમામ જરૂરિયાતો’ કહેવાનો અર્થ શું હતો તે તરત જ સ્પષ્ટ થઈ શક્યું નહોતું. ટ્રમ્પે લખ્યું, “મારા નિર્દેશ પર, અમે ડેનમાર્ક અને ગ્રીનલેન્ડના પ્રતિનિધિઓ સાથે મળીને કામ કર્યું છે જેથી ગ્રીનલેન્ડ અને યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાની સુરક્ષા અને રક્ષણ માટે જે જરૂરી છે તે કરવાની સંપૂર્ણ ક્ષમતા અમેરિકા પાસે ‘હંમેશા’ રહે.” તેમણે આ કરારને ‘અનંત

...અનુસંધાન પાના 10 પર




## યુએનની સામાન્ય સભાની બેઠક વખતે કરાર પર હસ્તાક્ષર થવાની વકી

હવે એવી અપેક્ષા રાખવામાં આવી રહી છે કે આવતા સપ્તાહની સંયુક્ત રાષ્ટ્ર મહાસભા(UNGA)ની ઉચ્ચ સ્તરીય સમિટ દરમિયાન આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવશે. ગ્રીનલેન્ડ અને ડેનમાર્કની સંસદે પણ તેને મંજૂરી આપવી પડશે, એમ તેમની સરકારોએ એક સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું. ગ્રીનલેન્ડના વડાપ્રધાન જેન્સ-ફ્રેડરિક નીલસને જણાવ્યું હતું કે, ‘તે ખૂબ જ સંતોષજનક વાત છે કે અમે એક એવા કરારમાં પ્રવેશવા જઈ રહ્યા છીએ જે ગ્રીનલેન્ડ, ડેનમાર્ક સામ્રાજ્ય, યુનાઇટેડ સ્ટેટ્સ અને પશ્ચિમી ગઠબંધનની સુરક્ષાને સુનિશ્ચિત અને મજબૂત બનાવે છે.’ તેમણે એક નિવેદનમાં એમ પણ જણાવ્યું હતું કે “આ કરાર ગ્રીનલેન્ડ અને ડેનમાર્કની સાર્વભૌમત્વ તેમજ પ્રાદેશિક અખંડિતતાનો સ્વીકાર કરે છે” અને બંને દેશોના લોકોના “આત્મનિર્ણયના અધિકાર”ને જાળવી રાખે છે.

## ગ્રીનલેન્ડના વડાપ્રધાને ત્રણેય દેશો માટે ફાયદાકારક ગણાવ્યો કરાર

**વોશિંગ્ટન :** “આ કરાર ગ્રીનલેન્ડ અને ડેનમાર્કની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાને સ્વીકારે છે” અને બંને દેશના લોકોના “આત્મનિર્ણયના અધિકાર”નું સમર્થન કરે છે. ગ્રીનલેન્ડના વડા પ્રધાન જેન્સ-ફ્રેડરિક નીલસેને જણાવ્યું હતું કે આ થઈ રહેલો કરાર ત્રણેય સરકારોને ફાયદો પહોંચાડે છે અને “ગ્રીનલેન્ડના હિતો તેમજ આંતરરાષ્ટ્રીય સહયોગમાં અમારા સ્થાનને સ્વીકારે છે.” અમેરિકી વિદેશમંત્રી માર્કો રુબિયોએ આ કરારને એક ઐતિહાસિક કરાર અને અમેરિકાનો મોટો વિજય ગણાવ્યો હતો. એક અમેરિકી અધિકારીએ જણાવ્યું હતું કે હવે રશિયા અને ચીન જેવા દેશો ડેન્માર્કમાં લશ્કરી થાણા સ્થાપી શકશે નહીં. નાટોના સભ્ય સિવાયના કોઇ પણ દેશે ત્યાં થાણુ સ્થાપવા માટે અમેરિકાની લેખિત મંજૂરી લેવી પડશે.

## ડેન્માર્કના નેતાઓનો સાવધાનીભર્યો આશાવાદ

કોપનહેગન, તા. ૧૯(એપી): નાટોના સાથી દેશના અર્ધ-સ્વાયત્ત પ્રદેશ પર કબજો કરવાની અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મહિનાઓ સુધી ચાલેલી ધમકીઓ બાદ, ગ્રીનલેન્ડ પર અમેરિકી સૈન્યની હાજરી મજબૂત કરવા પરંતુ ટાપુને ડેનિશ નિયંત્રણ હેઠળ જ રાખવાના તેમની કરારની જાહેરાત અંગે ડેનમાર્ક સરકારના નેતાઓએ શનિવારે સાવચેતીપૂર્વકનો આશાવાદ વ્યક્ત કર્યો હતો. ગ્રીનલેન્ડમાં,

...અનુસંધાન પાના 10 પર

# 20મી એશિયન ગેમ્સનો જાપાનમાં ભવ્ય પ્રારંભ



**મનુ** ભાકર અને પવન સેહરાવતે ભારતીય ટુકડીનું નેતૃત્વ કર્યું

**જાપાનના** સમ્રાટ નરુહિતોએ એશિયાના સૌથી મોટા રમત મહોત્સવને ખુલ્લો મુક્યો

**નાગોયા, તા. 19 (PTI):** જાપાનના આઈચી-નાગોયા ખાતે 20મી એશિયન ગેમ્સનો શનિવારે રંગારંગ અને આકર્ષક શુભારંભ થયો હતો. નાગોયાના મિઝુહો પાર્ક એથ્લેટિક સ્ટેડિયમ ખાતે યોજાયેલા બે કલાક લાંબા ઉદ્ઘાટન સમારોહમાં જાપાનના સમ્રાટ નરુહિતોએ સત્તાવાર રીતે ગેમ્સને ખુલ્લી મુકવાની જાહેરાત કરી હતી. ‘હાર્મોનિક હાર્ટ બીટ’ થીમ પર આધારિત આ સમારોહમાં જાપાનની પ્રાચીન સંસ્કૃતિ અને આધુનિક રોબોટિક્સ ટેકનોલોજીનો અદ્ભુત સંગમ જોવા મળ્યો હતો.

માર્ચ પાસ્ટ (પરિડે ઓફ નેશન્સ) દરમિયાન 45 દેશો અને રિફ્યુજી ટીમના ખેલાડીઓએ ભાગ લીધો હતો. ડબલ ઓલિમ્પિક મેડલિસ્ટ શૂટર મનુ ભાકર અને કબડ્ડી સ્ટાર પવન સેહરાવતે નેવી બ્લુ કલરના પરંપરાગત પોશાકમાં ભારતીય તિરંગો લહેરાવીને 150 ખેલાડીઓની ભારતીય ટુકડીનું અગ્રણી સ્થાન સંભાળ્યું હતું.

આગામી 15 દિવસ સુધી ચાલનારા આ રમતકુંભમાં 45 દેશોના લગભગ 11,000 ખેલાડીઓ 43 રમતોની 469 ગોલ્ડ મેડલ ઇવેન્ટ્સ માટે સ્પર્ધા કરશે.

આયોજન સંબંધિત કેટલીક પ્રારંભિક મુશ્કેલીઓ છતાં સ્ટેડિયમમાં લેઝર શો, હાર્ટ-શેપ ડ્રોન અને રોબોટિક આર્મ સાથે યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમે દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા. ભારતે આ વખતે 36 રમતોમાં પોતાના 501 ખેલાડીઓનું દળ મેદાનમાં ઉતાર્યું છે.

## ગ્રીન કાર્ડ માટેના ટ્રમ્પના નવા કડક નિયમો અમલી બની ગયા

**વોશિંગ્ટન, તા. 19 :** ટ્રમ્પ વહીવટીતંત્રના ગ્રીન કાર્ડ વિતરણ અંગેના નવા નિયમો શુક્રવારથી અમલમાં આવ્યા છે, જે ફેડરલ અધિકારીઓને કાયમી રહેઠાણની મંજૂરી આપતા પહેલાં અરજદારોને સામાજિક લાભો(સરકારી સબસિડી/સહાય)ની જરૂર પડશે કે કેમ તેની તપાસ કરવાની છૂટ આપે છે. શુક્રવારથી, પોતાના ગ્રીન કાર્ડ માટે અરજી કરતા ઈમિગ્રન્ટ્સે એ માહિતી શામેલ કરવી પડશે કે તેઓ પહેલાથી જ કોઈ સામાજિક લાભો મેળવી રહ્યા છે કે કેમ અને ભવિષ્યમાં તેમને તેની જરૂર પડશે કે કેમ તે દર્શાવતી માહિતી આપવી પડશે. નવા માપદંડો તેમની અરજીઓ મંજૂર થશે કે કેમ અને તેમને અમેરિકામાં કાયમી ધોરણે રહેવા તેમજ કામ કરવાની મંજૂરી આપવામાં આવશે કે કેમ તે નિર્ણયમાં મહત્વનો ભાગ ભજવશે. યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીસ(USCIS)ના છેલ્લાં ડેટા અનુસાર, ડિસેમ્બર 2025 સુધીમાં આશરે 13 લાખ ગ્રીન કાર્ડ અરજીઓ પેન્ડિંગ હતી.

ઓબામા ઈમિગ્રેશનના

...અનુસંધાન પાના 10 પર

# રશિયા પ્રતિબંધ કાયદો અમલી: ભારત પર નવા 100 ટકા ટેરિફનો ભય

**અમેરિકી** પ્રમુખ ટ્રમ્પે પ્રતિબંધ ખરડા પર હસ્તાક્ષર કરતા તે કાયદો બન્યો

**આ કાયદો** રશિયા પાસેથી તેલ-ગેસની આયાત કરતા દેશો પર ૧૦૦ ટકા ટેરિફ લાદવાની અમેરિકી પ્રમુખને સત્તા આપે છે

**નવી દિલ્હી:** અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા પરના પ્રતિબંધ બિલને કાયદા તરીકે મંજૂરી આપી દીધી છે. આ સાથે રશિયા પાસેથી તેલ અને ગેસ ખરીદતા દેશો પર 100 ટકા સુધીનો ટેરિફ લાદવાનો માર્ગ મોકળો થયો છે, જેનાથી ભારત અને ચીન પર નવા ટેરિફનો ખતરો મંડરાવા માંડ્યો છે.

રિપબ્લિકન પાર્ટીની બહુમતી ધરાવતા ‘હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ’ દ્વારા 262-159ના મતથી આ વ્યાપક પ્રતિબંધ બિલ પસાર કર્યાના બે દિવસ બાદ ટ્રમ્પે તેને મંજૂરી આપી હતી. આ કાયદાનું નામ ‘લિન્ડસે ઓ ગ્રેહામ સેંક્શનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ ઓફ 2026’ રાખવામાં આવ્યું છે. તે સેનેટર લિન્ડસે ગ્રેહામના નામ પરથી છે, જેઓ વોશિંગ્ટનમાં યુક્રેનના મજબૂત સમર્થક હતા. આ વર્ષે જુલાઈમાં યુક્રેનના પ્રવાસેથી પાછા ફર્યાના થોડા સમય બાદ જ તેમનું નિધન થયું હતું. આ કાયદાનો મુખ્ય હેતુ યુક્રેન સામેના યુદ્ધમાં રશિયાને મળી રહેલા નાણાકીય સંસાધનોને ઘટાડવાનો છે. આ બિલ રશિયન અધિકારીઓ, બેંકો, ઉર્જા ક્ષેત્રો અને મોસ્કોના સૈન્ય અભિયાનોને સમર્થન આપતી વિદેશી સંસ્થાઓને લક્ષ્ય બનાવે છે. આ કાયદો ટ્રમ્પને રશિયન તેલ અને ગેસની આયાત કરતા, રશિયા સાથે વેપાર કરતા દેશો પર ટેરિફ લાદવાની સત્તા આપે છે.

‘હાઉસ વેઝ એન્ડ મીન્સ કમિટી’ના જણાવ્યા અનુસાર, આ કાયદો રશિયન ચીજવસ્તુઓ પર 500 ટકા સુધીના ટેરિફનો નિર્દેશ આપે છે. આ ઉપરાંત, રશિયન તેલ અને ગેસની ખરીદી સંબંધિત જોગવાઈઓ હેઠળ આવતા દેશોની ચીજવસ્તુઓ પર 100 ટકા સુધીની જકાત લાદવાની પણ જોગવાઈ છે. ટ્રમ્પે રશિયા પ્રતિબંધ બિલ પર હસ્તાક્ષર કર્યા બાદ હવે ભારત સામે એક નવો ટેરિફ ભય ઊભો થયો છે. ડેમોક્રેટિક કોંગ્રેસમેન સ્ટેની હોયર દ્વારા રજૂ કરવામાં આવેલા એક સુધારામાં 10 દેશો - ચીન, ભારત, યુએઈ (UAE), તુર્કીયે, સિંગાપોર, અઝરબૈજાન, કઝાકિસ્તાન, હંગેરી, કિર્ગિસ્તાન અને સ્લોવાકિયા - ના નામોનો સ્પષ્ટ ઉલ્લેખ કરીને આ બિલની સેકન્ડરી ટેરિફ જોગવાઈઓ હેઠળ 100 ટકા સુધીના ટેરિફ માટે પાત્ર ઠેરવવાની માંગ કરવામાં આવી હતી. જો કે, આ સુધારો પોતે ભારત પર સીધો 100 ટકા કર લાદતો નથી.

# H-1B વિઝા માટેની એક લાખ ડોલરની ફી ટ્રમ્પે એક વર્ષ માટે લંબાવી

**આ વિઝા** માટેની ચકાસણીના ધોરણો વધુ સખત બનાવવામાં આવ્યા, અમેરિકન કામદારોની છટણી કરતી કંપનીઓની કડક તપાસ થશે

**આ તમામ** આદેશો આડકતરી રીતે સૌથી વધુ અસર ભારતીયોને કરશે

**વોશિંગ્ટન, 19 :** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે H-1B વિઝા પર વિદેશી કામદારોને લાવવા માટે નિયોક્તાઓ પર મૂકવામાં આવેલી USD ૧૦૦,૦૦૦ ડોલરની ફી એક વર્ષ માટે લંબાવી છે, તેમ વ્હાઈટ હાઉસે જણાવ્યું હતું.

શુક્રવારે બહાર પાડવામાં આવેલા પ્રમુખીય જાહેરનામામાં ટ્રમ્પે જણાવ્યું હતું કે ૨૦૨૫માં ૧,૦૦,૦૦૦ ડોલરની ફી લાદવાના નિર્ણયને કારણે મોટી આઈટી આઉટસોર્સિંગ કંપનીઓ દ્વારા થતા H-1B રજીસ્ટ્રેશનમાં ૯૨ ટકાનો ઘટાડો થયો છે. અને મહત્વની વાત એ છે કે ભારતીયો જ મોટે ભાગે આઈટી આઉટસોર્સિંગ કંપનીઓ દ્વારા ભરતી કરવામાં આવતા હોય છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે, “૨૦૨૫ના આ જાહેરનામાનું વિસ્તરણ અમેરિકાના આર્થિક અને રાષ્ટ્રીય સુરક્ષા હિતોનું રક્ષણ કરવાનું ચાલુ રાખશે, અમેરિકન કામદારો અને ગ્રેજ્યુએટ્સ માટે લેબર માર્કેટની પહોંચમાં સુધારો કરશે અને પ્રોગ્રામના મૂળ હેતુ મુજબ જ નોકરીદાતાઓ જરૂર પડે ત્યારે માત્ર સૌથી વધુ કુશળ અને આવશ્યક વિદેશી કામદારોની જ ભરતી કરે તે સુનિશ્ચિત કરશે. ભારતીયો H-1B વિઝા પ્રોગ્રામના સૌથી મોટા લાભાર્થી જૂથ તરીકે યથાવત છે આથી આ આદેશની સૌથી વધુ અસર ભારતીયોને જ થશે. નાણાકીય વર્ષ ૨૦૨૪માં જેમની એચવનબી અરજીઓ મંજૂર થઈ હતી તેમાં સૌથી વધુ, ૭૧ ટકા ભારતીયો જ હતા.

એક લાખ ડોલરની ફી વસૂલવાના ૨૦૨૫ના નિર્ણય સામે કાનૂની પડકાર ઊભો થયો છે અને આ બાબત હાલ બે અલગ-અલગ ફેડરલ કોર્ટ સમક્ષ વિચારણા હેઠળ છે. ફી વધારા માટેનો ૨૦૨૫નો આદેશ આ મહિને પૂર્ણ થવાનો હતો. તે યુનાઈટેડ

...અનુસંધાન પાના 10 પર

તા. ૧૯-૦૯-૨૦૨૬નું
સુરત શહેરનું
હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો 0.00 મીમી | મોસમનો ૧૯૩૯ મીમી |
| --- | --- | --- |
| ઉકાઈ | સપાટી આજની ૩૩૭.૭૭ ફૂટ | આઉટફ્લો ૮૦૦ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- | --- |
| | ૩૨.૪ સે. | ૨૪.૨ સે. | ૭૨% |

# એક ઓક્ટોબરથી સબસીડીવાળા LPG માટે આધાર બાયોમેટ્રિક ફરજિયાત

**જેમણે** આ ઓથેન્ટિકેશન કરાવી લીધું છે તેમને નવેસરથી કરાવવાની જરૂર નથી

**આ પ્રમાણીકરણ** વગરના ગ્રાહકોને ગેસ સિલિન્ડર બજાર ભાવે મળી શકશે

**નવી દિલ્હી, ૧૯ (PTI).** સબસિડીવાળો રાંધણ ગેસ માત્ર યોગ્યતા ધરાવતા પરિવાર સુધી જ પહોંચે તે સુનિશ્ચિત કરવાના હેતુથી સરકારે શનિવારે જણાવ્યું હતું કે, ૧ ઓક્ટોબરથી લાગુ પડતી સબસિડી સાથે નિયંત્રિત છૂટક વેચાણ કિંમતે રિફિલ બુક કરવા માટે ઘરેલુ LPG ગ્રાહકોએ બાયોમેટ્રિક આધાર ઓથેન્ટિકેશન પૂર્ણ કરવું પડશે.

જે ગ્રાહકોએ આ પ્રમાણીકરણની પ્રક્રિયા પહેલાથી જ પૂર્ણ કરી લીધી છે, તેમણે આગળ કોઈ પગલાં લેવાની જરૂર નથી. પેટ્રોલિયમ અને નૈસર્ગિક ગેસ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૧૯ સપ્ટેમ્બર સુધીમાં ૨૭.૪૩ કરોડ સક્રિય ઘરેલુ LPG ગ્રાહકો, એટલે કે કુલ ગ્રાહકોમાંથી ૮૯.૯ ટકા લોકોએ બાયોમેટ્રિક આધાર ઓથેન્ટિકેશન પૂર્ણ કરી લીધું છે. મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે, જે ગ્રાહકોએ હજુ સુધી આ પ્રક્રિયા પૂર્ણ નથી કરી, તેમનું બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન પૂર્ણ થતાં જ સબસિડીવાળા રિફિલનું બુકિંગ ચાલુ કરી દેવામાં આવશે. સરકારે જણાવ્યું હતું કે, આ પગલાનો મુખ્ય હેતુ વ્યાપારી અને ઔદ્યોગિક ઉપયોગ માટે સબસિડીવાળા ઘરેલુ સિલિન્ડરના ગેરકાયદેસર વપરાશને રોકવાનો છે, તેમજ ડુપ્લિકેટ અને અયોગ્ય જોડાણોને નાબૂદ કરવાનો છે.

ગ્રાહકો LPG ડિલિવરી દરમિયાન, તેમના વિતરકના શોરૂમ પર અથવા ત્રણ સરકારી તેલ માર્કેટિંગ કંપનીઓની મોબાઇલ એપ્લિકેશન - ઇન્ડેન માટે IndianOil ONE, ભારતગેસ માટે HelloBPCL અને HP ગેસ માટે HP PAY દ્વારા ઓથેન્ટિકેશન પૂર્ણ કરી શકે છે. જે ગ્રાહકો બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન કરવા ઈચ્છતા નથી અથવા કરી શકતા

...અનુસંધાન પાના 10 પર

# કેજરીવાલ અને તેમના કુટુંબીજનોને SIR કવાયતમાં ચૂંટણી પંચની નોટિસ

**દિલ્હીના** ભૂતપૂર્વ મુખ્યમંત્રી, તેમના પત્ની, માતા-પિતા અને પુત્રને નોટિસો મળી

**તેમની** વિગતો છેલ્લા SIR સાથે મેળ ન ખાતી હોવાનું કારણ અપાયું

**નવી દિલ્હી, તા. 19 :** દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલ તેમજ તેમના પરિવારના ચાર સભ્યોને દિલ્હીમાં હાલમાં ચાલી રહેલી સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન(SIR) ઝુંબેશ હેઠળ દિલ્હી ચૂંટણી પંચ દ્વારા નોટિસ ફટકારવામાં આવી છે.




ઉપલબ્ધ માહિતી અનુસાર, આ નોટિસ ‘છેલ્લા SIR સાથે મેળ ન ખાતી માહિતી’ શ્રેણી હેઠળ આપવામાં આવી છે. કેજરીવાલ, તેમના પત્ની સુનિતા કેજરીવાલ, તેમના પિતા ગોબિંદ રામ કેજરીવાલ અને માતા ગીતા દેવીને નોટિસ આપવામાં આવી છે. તેમના ૨૫ વર્ષના પુત્ર પુલકિત કેજરીવાલને પણ આ જ શ્રેણી હેઠળ નોટિસ મળી છે. કેજરીવાલ પરિવારના આ પાંચ સભ્યો એ ૧૧૦ લોકોમાં સામેલ છે જેમને નવી દિલ્હી મતવિસ્તાર હેઠળ આવતી વિધાનસભા બેઠક ૪૦ના વિસ્તારમાં નોટિસ આપવામાં આવી છે. આ નોટિસ દિલ્હી ચૂંટણી પંચ દ્વારા ચલાવવામાં આવી રહેલી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન(SIR) ૨૦૨૬ ઝુંબેશનો એક ભાગ છે. “અનમેપ્ડ વિથ લાસ્ટ SIR” શ્રેણી હેઠળ, જે મતદારોની વિગતો વિગતવાર ચકાસણી દરમિયાન અગાઉના SIR રેકોર્ડ સાથે મેળ ખાતી નથી, તેમણે મતદાર યાદી સુધારણા પ્રક્રિયાના ભાગરૂપે ચકાસણી કરાવવી જરૂરી છે.

ભૂતપૂર્વ મુખ્યમંત્રીના કુટુંબને આ નોટિસ મળ્યા બાદ આમ આદમી પાર્ટી(આપ)એ ચૂંટણી પંચ સામે સવાલો ઉઠાવ્યા છે. X પર એક પોસ્ટમાં, પાર્ટીએ કટાક્ષ કરતા ચૂંટણી પંચ પર સવાલ

...અનુસંધાન પાના 10 પર